## -::આંક: ૮૫ લગત હુકમ::-

### ૧.) પ્રસ્તાવના:

આ કામના વાદીએ હાલની આંક: ૮૫ ની અરજી આપી સદર દાવામાં સુચિત પક્ષકાર તરીકે પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓને પ્રતિવાદી તરીકે પક્ષકાર જોડવાની અરજી સીવીલ પ્રોસીઝર કોડની ઓર્ડર: ૧ રુલ ૧૦ અન્વયે હાલની અરજી આપેલ છે.

### ૨.) વાદી તર્ફે વિ.વ.શ્રીની રજુઆત:

આ કામે વાદી તર્ફે મુખ્યત્વે રજુઆત છે કે, સદર કામે દાવાવાળી મિલકત લગત પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ સાથે બાનાખત થયેલ. તેમજ તે લગત આ કામના પ્રતિવાદી નં. ૨ નાઓએ તે દાવાવાળી જમીન પર સાંઇ તારા રેસીડન્સી બનાવી પ્લોટ પાડેલ છે. જે પ્લોટ આ કામે બધાને વેચાણ આપેલ છે. જે આ કામે પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓ છે. સદર દાવામાં દાવાવાળી મિલકત લગત આ કામે પ્રતિવાદીઓ વિરુધ્ધ દાવો કરેલ છે. જો સુચિત પ્રતિવાદીઓને પક્ષકાર બનાવવામાં ન આવે તો વાદીઓના હક, હીત ને નુકસાન થાય છે. પ્રતિવાદીને જોડવાથી તેઓને કોઈ નુકસાન થાય તેમ નથી. આમ, સદર કામે સુચિત પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓને પ્રતિવાદી નં. ૩થી ૧૮ તરીકે જોડવા અરજ કરેલ છે.

### ૩.) સુચિત પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓ તરર્ફે રજુઆત:

આ કામે સુચિત પ્રતિવાદી નં ૩ થી ૧૮ નાઓ તર્ફે રજુઆત/જવાબ જોતાં જણાવેલ છે કે, સદર કામે અમોએ કોઈ મેળાપીપણામાં દસ્તાવેજ કરાવેલ નથી. અમોએ કાયદેસરનો અવેજ આપીને દસ્તાવેજ રજીસ્ટર્ડ વેચાણ કરાવીને લીધેલ છે. આ કામે વાદીએ જે અરજી આપેલ છે. તે ખોટી અને ચાલવાપાત્ર નથી. અમોને હેરાન પરેશાન કરવા માટે આપેલ છે અમો જરૂરી પક્ષકાર નથી. તેમજ આ કામે વાદીની અરજી

ચાલવાપાત્ર ના હોય જેથી રદ્દ કરવા અરજ કરેલ છે.

**૪.) અરજીના ગુણદોર્ષ:**

અરજી તથા ઉભય પક્ષકારોની રજુઆત સાંભળી. રેકર્ડ વંચાણે લીધુ.

૪.૧) સદર કામે રેકર્ડ જોતાં, આ કામે વાદીએ પ્રતિવાદી નં. ૧ અને ૨ નાઓ વિરુધ્ધ દાવો દાખલ કરીને સ્પેશીફીક પરોફર્મન્સ તથા કાયમી મનાઈ હુકમ લગતની દાદ માંગેલ છે.

૪.૨) આ કામે વાદીએ પ્રતિવાદી વિરુધ્ધ દાવો કરેલ. તે દરમ્યાના વાદીનાઓને જાણવા મળેલ કે સદર દાવાવાળી મિલકત આ કામના પ્રતિવાદી નં. ૧ અને ૨ ના મેળાપીપણામાં સુચિત પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓને રજી.વેચાણ દસ્તાવેજ થી ટ્રાન્સફર કરતાં, વાદીએ હાલની આંક: ૮૫ ની અરજી આપી તેઓને દાવાના કામે પ્રતિવાદી નં. ૩ થી ૮ તરીકે જોડવા માટે અરજ કરેલ. આ તબકકે સદર અરજીના ન્યાયિક નિર્ણય પહેલા કાયદાકીય જોગવાઈને ધ્યાને લેતાં, જે નીચે મુજબ છે.

*** Code of Civil Procedure, Order 1 Rule 10.**

*(1) * * **

***(2) Court may strike out or add parties--****The court may* ***at any stage*** *of the* ***proceedings,*** *either upon or without t****he application of either party,*** *and on such terms as may appear to the court to* ***be just,*** *order that the name of any party improperly joined, whether as plaintiff or* ***defendant,*** *be struck out, and that the name of any person who ought to have been joined, whether as plaintiff or defendant, or* ***whose presence before the court may be necessary in order to enable the court effectually and completely to adjudicate upon and settle all the questions involved in the suit, be added.***

**addi. Sr.Civil. Judge**
**Tapi @ Vyara**

(3) * * *
(4) * * *
(5) * * *

૪.૩) આ કામે વાદીની અરજી તથા રેકર્ડ અનુસંધાને પ્રતિવાદી નં ૧ અને ૨ નાઓએ સુચિત પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે. જે આ કામે વાદીએ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ રજુ કરેલ છે. જેમાં તેઓ વેચાણ રાખનાર તરીકે દર્શાવેલ છે.

૪.૪.) વધુમાં આ કામે નામદાર એપેકસ કોર્ટનો આ તબકકે ચુકદો જોતાં, ...

> ***In the case of Robin Ramjibhai Patel vs.Anandibai Rama @ Rajaram Pawar and Ors. (2018 15 SCC 614)*** *"10. In our considered opinion, the judgment of the three Judge Bench in the Kasturi's case (supra) recognises this special status of a plaintiff which is well settled by several earlier judgments also and* ***when the plaintiff wants to implead certain persons as defendants on the ground that they may be adversely affected by the outcome of the suit, then interest of justice also requires allowing such a prayer for impleadment so that the persons likely to be affected are aware of the proceedings and may take appropriate defence as suited to their vendors.*** *(para-10) "*

૪.૫) આમ, સદર કામે વાદીનાઓને તરફે જો સુચિત પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓને જોડવામાં આવે તો, સુચિત પ્રતિવાદી નં ૩ થી ૧૮ નાઓ કોઈ નુકસાન થાય તેમ નથી. વધુમાં સદર કામે આ કામના સુચતિ પ્રતિવાદી નં. ૫ નાઓ મરણ ગયેલ છે. તેમજ આ કામે સુચિત પ્રતિવાદી નં. ૧૧ નાઓ વિદેશ જતા રહેલ છે. આમ, તેઓ વિરુધ્ધ

વાદીનાઓ કેસ આગળ ચલાવવા માંગતા નથી તેવુ આંક: ૧૦૪ ની પુરસીસ રજુ કરેલ છે. તેમજ બાકીના સુચિત પ્રતિવાદી તરીકે જોડાવા આ તબકકે વ્યાજબી જણાવે છે. તેમજ તેઓને સદર દાવાવાળી મિલકત સંબંધે રજુઆતની/બચાવની તક મળી રહે. તેમજ વધુમાં પક્ષકારનો કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર તેઓને તક ન મળવાના કારણે તેઓનો સબસ્ટેનશીલ રાઈટને નુકસાન થાય. તેમજ આ કામે પ્રતિવાદીને સદર કામે કોઈ નુકસાન થાય તેવુ આ તબકકે જણાઈ આવતુ નથી. તેમજ આ કામે પ્રતિવાદીને પોતાનો કેસ રજુ કરવા માટે તેઓને પુરતી તક મળી રહે છે.

આમ, ઉપરોકત કેસની હકિકત અને સંજોગોને ધ્યાને લેતાં, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧.) આ કામે સદર અરજી આંક: ૮૫ નીચેની શરતે મંજુર કરવામાં આવે છે.

૨.) વાદી સદર કામે સુચતિ પ્રતિવાદી નં. ૩ થી ૧૮ નાઓને દાવાના કામે પ્રતિવાદી નં. ૩ થી ૧૬ તરીકે જોડવાનો હુકમ કરવામાં આવે છે.

૩.) વાદીએ સુધારેલી દાવા અરજી રજુ કરવી તેમજ દાવા અરજીમાં તે મતલબનો જરૂરી સુધારો કરવો.

૪.) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

આજરોજ તારીખ:- ૦૩ જી માહે મે સને ૨૦૨૪ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

......................................

તારીખ :- ૦૩/૦૫/૨૦૨૪.
વ્યારા જી .તાપી

(જીગ્નેશ વિષ્ણુભાઈ પટેલ)
એડી. સીનીયર સીવીલ જજ
વ્યારા જી .તાપી
(U.Id.code no.GJ00960)